સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

સદા પીઠાંધીશોને કાયદા સાથે યુદ્ધ હોય છે
તંત્ર રહે છે સૌમ્ય-શાંત, સજામાં બુદ્ધ હોય છે!
રૂદ્ધ રહે છે વિકાસ, હમા અને હેરાફેરીનો -
બંધી છે શું કામ ?! પાણીથી તો દારૂ શુદ્ધ હોય છે

હાઈકુ

શિવસેનાની
ડોકમાં અટક્યું છે -
સત્તાનું અસ્થિ...

મિંયા - કૉંગીજી,
ખાય છે માર છતાં -
ટંગડી ઊંચી !!

ચિંતન

વિશેષજ્ઞં સ્વામિનમાનશ્રેયત્ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

વિશેષજ્ઞ સ્વામીનો જ આશ્રય લેવો.

ગુણોનો આદર કરનાર, ગુણોને પારખરનાર માલિકની જ નોકરી કરવી જોઈએ. ત્યાં આદર-સન્માન સાંપડે છે. અને સાથે-સાથે માલિક ગુણવાન અને ચારિત્ર્યશીલ હોવાથી આપણામાં પણ સદ્‌ગુણોનો સંચાર થાય છે.

જે વ્યક્તિ માણસની કદર કરી શકે, ગુણોને પારખી શકે, જે તે ધંધા કામમાં નિષ્ણાત હોય એવા માણસ-નિષ્ણાત ના હાથ નીચે કે સામે કામ કરવાથી કદર પણ થાય અને નવું શીખવાનું પણ મળે.

સુવિચાર

- હવે અશ્રુઓ ટેવાયા છે, ટીસ્યુ પેપરથી, પાલવ-પવન અને પ્રેમના જમાના ગયા - **ચિરાયુ ગાંધી**
- ગમતા સંબંધોને સાચવી રાખો, જો ખોવાશે તો 'ગૂગલ મેપ' પણ શોધી નહીં શકે - **સ્નેહા પટેલ**
- સફળતા હાથની લકીરોમાં નથી હોતી, સફળતા તો માથાના પરસેવા પર અંકિત હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રેમ એટલે દસ્તાવેજમાં ન લખાયેલી શરતો અને નક્કી કર્યા હોય તેનાથી વધારે થતી ચૂકવણી - **શિવાનંદ મહેતા**
- ઉપવાસ ખોરાકનો જ કેમ ? કયારેક લોભ, લાલચ, કામ, ક્રોધ, કુવિચારોનો પણ કરી જુઓ - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- દુઃખ એ કદાચ જીવનનો ભાર છે પરંતુ પાપ એ તો જીવનનો શ્રાપ છે, શેનાથી બચવું છે ? ભારથી કે શ્રાપથી - **શ્રીમદ વિજયરત્નસુંદર સૂરીશ્વરજી**
- આજનું ઔષધ : લીવરના રોગમાં અજમો અને ગોળનું મિશ્રણ રાહત આપે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજાનો એકનો એક રાજકુંવર વધારે પડતો લાડકોડ અને ખરાબ સંગતને કારણે બગડી ગયો. રાજાએ રાજગુરુને વાત કરી. રાજગુરુએ કહ્યું, 'એને મારા આશ્રમમાં ભણવા મોકલી આપો.' રાજકુંવર આશ્રમમાં આવ્યો ગુરુએ સમજાવ્યું, 'ઈશ્વર સર્વત્ર છે. એટલું આપણે હંમેશા યાદ રાખવું. ભગવાન બધું જુએ છે અને નાનામાં નાના સદ્‌વર્તનનું સારું ફળ અને નાનામાં નાના ખરાબ વર્તનની સજા આપે જ છે. માટે યાદ રાખવું કે મનના કોઈ વિકારવશ પ્રલોભનને કારણે ખરાબ કાર્ય કરવાની ઈચ્છા થાય તો મારી આ વાત યાદ રાખજે કે ઈશ્વર બધે જ છે અને તમને જુએ જ છે. અને જો ભૂલથી કોઈ ખરાબ કાર્ય થઈ જાય તો તરત એમની માફી માંગવી જરૂરી છે.' આશ્રમમાં સારી સંગત અને ગુરુજીના જ્ઞાન અને પ્રેમપૂર્વક વ્યવહારને કારણે કુંવરમાં ઘણો સુધારો જોવાયો. એકાદ વર્ષમાં તો કુંવરના વર્તનમાં આમૂલ પરિવર્તન જોવાયું. ગુરુએ કુંવરની પરિક્ષા લેવા કહ્યું, 'આ બિલાડી રોજ આવીને દૂધ પી જાય છે એને સજા કરવી છે. તું એને જંગલમાં લઈ જા અને એકાંત જોઈ તેને મારી નાખ.' કુંવર ગુરુજીની આજ્ઞા પ્રમાણે જંગલમાં ગયો પણ તે બિલાડીને મારી શક્યો નહિ, જયારે જયારે પણ કુંવરે બિલાડીના ગળા પર છરી મૂકી તેટલી વાર તેને બિલાડીની આંખમાં ભગવાન દેખાતા હતા. તે જીવિત બિલાડી લઈને ગુરુજી પાસે આવ્યો અને કહ્યું, 'ગુરુજી, આપે જે કહ્યું હતું કે ઈશ્વર બધે જ છે... અને દરેક પ્રાણી માત્રમાં ઈશ્વર છે... આથી મેં જયારે આ બિલાડીની ગરદન પર છરી મૂકી અને એની આંખમાં મને ઈશ્વર દેખાય છે. એટલે હું એને મારી શક્યો નથી. મને માફ કરો.' ગુરુજીએ કહ્યું, 'કુંવર સદાચાર અને પ્રેમભક્તિની પરીક્ષામાં તમે આજે પાર ઉત્રયા છો. મને વિશ્વાસ છે તમે ભવિષ્યમાં ઉત્તમ રાજા બનશો.'

પવારની પાવરગેમ દિશા બદલી શકે

તંત્રીસ્થાનેથી...

આજકાલ સાધુસંતો અને રાજકારણીઓનાં વર્તન વ્યવહાર પરથી વિશ્વાસ ઊઠી જાય એવા પ્રસંગો બનવા લાગ્યા છે. નિત્યાનંદ આશ્રમમાં બળજબરીપૂર્વક બાળકોનો ગોંધી રાખવામાં આવતાં હોવાનું બહાર આવ્યું છે. એ અંગે વાલીની ફરિયાદ પછી આશ્રમની સંચાલિકાઓની ધરપકડ પણ કરી છે. રાજકારણમાં પણ આવી જ શંકાસ્પદ પ્રવૃત્તિઓ ચાલતી રહે છે. મહારાષ્ટ્રનું કોકડું બરાબર ગૂંચવાયેલું છે. પ્રજાએ આપેલ ચુકાદા મુજબ તો ત્યાં ભાજપ-શિવસેના ગઠબંધનની સરકાર બનવી જોઈતી હતી. રાજયપાલ ભગતસિંહ કોશિયારીએ સૌથી વધુ બેઠકો પર વિજયી નીવડેલ ભાજપના નેતાને સરકાર રચવાનું નિમંત્રણ પાઠવ્યું એ કરતાં ગઠબંધન સ્વરુપે ભાજપ અને શિવસેના - બેઉના નેતાઓને સાથે બોલાવવાની જરૂર હતી. શિવસેનાનો એક મુદ્દાનો કાર્યક્રમ મહારાષ્ટ્રનું મુખ્યમંત્રી પદ છે. બાળાસાહેબ ઠાકરેએ બહાર રહીને ઘુરકિયાં કરવાનું પસંદ કર્યું - ચૂંટણી કયારેય ન લડ્યા, જયારે એમના વંશવારસોને સત્તાનો મોહ જાગ્યો છે. અભી નહીં તો કભી નહીં - જેવી ભયગ્રંથિ અથવા શંકા એમને ઘાંઘા બનાવી ચૂકી છે. આથી ગઠબંધન પૂર્વે ફિફટી-ફિફટી ફોર્મ્યુલા થયેલી અને ભાજપ એ મુદ્દે ફરી ગયેલ હોઈ એનાથી છૂટાછેડા લેવાની બાબતને પ્રજાના ગળે ઉતારવાનો પ્રયાસ થઈ રહ્યો છે. એકલા હાથે તો સૌથી વધુ સદસ્યો ધરાવતી ભારતીય જનતા પાર્ટી પણ સરકાર બનાવી શકે એમ નથી. એટલે ભાજપ કે શિવસેનાને એનસીપીની ગરજ ઊભી થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કયારેક મહારાષ્ટ્રના 'એવરગ્રીન લીડર' શરદ પવારને રાજકીય ગુરુ તરીકે બિરદાવ્યા હતા. પવાર રાજકારણના અઠંગ ખેલાડી છે એ તો શિવસેના પણ જાણે છે. 'મરાઠી માણૂસ' વાળી પ્રાદેશિક ભાવનાને વશ થઈ શિવસેનાએ રાષ્ટ્રપતિ પદનાં કોંગ્રેસી ઉમેદવાર શ્રીમતી પાટિલને ખુલ્લું સમર્થન આપ્યું હતું. એ જ થિયરી પર શરદ પવારને વડાપ્રધાન પદ માટે પ્રોજેક્ટ કરાયા હોત તો શિવસેના હોંશે હોંશે સમર્થન આપવાની હતી. બાળાસાહેબ સાથે પવારના ઉષ્માભર્યા સંબંધો રહ્યા હોઈ ઉદ્ધવ ઠાકરે પણ પવારને પરિવારના મોભી જેટલો આદર આપે છે. પરંતુ પવાર આખરે પવાર છે. વડાપ્રધાન પદનું સપનું જોતા રહેલા આ મરાઠા નેતા માટે દિલ્હી હવે દૂર છે - એટલે રાજકારણમાંથી અડધોપડધો ક્ષેત્રસંન્યાસ જ લીધો છે, છતાં પોતાની પાર્ટીને મહારાષ્ટ્રમાં લૂલીલંગડી સત્તા પણ હાંસલ થતી હોય તો તે મેળવી લેવા તેઓ કૃતસંકલ્પ છે. શિવસેના અંગે કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષા સોનિયા ગાંધીની અવઢવ સકારણ છે. એમને પરંપરાગત લઘુમતી વોટબેંકની ચિંતા છે, તો બીજી તરફ કોંગ્રેસ સાવ જ હાંસિયે ધકેલાઈ ચૂકી છે ત્યારે મહારાષ્ટ્રમાં ભાજપને સત્તાથી દૂર રાખવાની તક પણ ટાળવી ગમતી નથી. બાજી શરદ પવારના હાથમાં છે. પાવર શેરિંગ માટે ભાજપ સાથે સંમત બલકે આગ્રહી શિવસેનાએ હવે એનસીપી સાથે પણ ફિફટી ફિફટી ફોર્મ્યુલા સ્વીકારવી જ રહી. દરમિયાન બીજી એક અફવાએ જોર પકડ્યું છે. રાજકારણના બે અઠંગ ખેલાડીઓ - વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને શરદ પવાર વચ્ચે બંધબારણે યોજાયેલી બેઠકમાં પવારને રાષ્ટ્રપતિ પદની ઓફર કરાઈ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પવાર તો કહે છે : હું તો ફક્ત મહારાષ્ટ્રના ખેડૂતોના પ્રશ્નો માટે મોદીને મળવા ગયો હતો. પાટિલ સુગર ઈન્સ્ટિટયુટના ઉદ્‌ઘાટનનું આમંત્રણ આપીને આવેલા પવાર 'પાવર' માટે ગમે તેવું સમાધાન સ્વીકારી શકે, એ વિશે ભાગ્યે જ બીજો અભિપ્રાય હોઈ શકે ! જો એવું બને તો મહારાષ્ટ્રને ભાજપ-એનસીપીની સરકાર પણ મળી શકે !

સાત પ્રતિભાવાન પુરુષો

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) અશ્વસ્થામા (૨) બલિ (૩) વ્યાસ (૪) હનુમાન (૫) વિભીષણ (૬) કૃપ (૭) પરશુરામ - આ સાત ચિરંજીવીઓ છે.

અશ્વસ્થામા બલિર્વ્યાસો હનુમાંશ્ચ વિભીષણઃ।
કૃપઃ પરશુરામ સુપ્તૈતે ચિરજીવિનઃ॥

૧૯ નવેમ્બર, વિશ્વપુરુષ દિવસ છે, ત્યારે આ સાત પ્રતિભાવાન પુરુષોનું પુણ્યસ્મરણ થાય.આ સાત અમરપુરુષો છે.

(૧) અશ્વસ્થામા - મહાત્મા ભરદ્વાજના પૌત્ર છે. આચાર્ય દ્રોણ અને ગૌતમીના સંતાન છે. મહાભારતના મહાયુદ્ધમાં કૌરવપક્ષે વીરતાપૂર્વક લડ્યા હતા. આજે પણ સાતપુડાના પર્વતોમાં એ ફરતા હોય છે, મેલાઘેલા કપડાં પહેરેલા વૃદ્ધ પુરુષના રૂપમમાં હોય છે; એવી લોકમાન્યતા છે.

(૨) બલિ - આ અસુરસમ્રાટ પ્રહ્‌લાદના પૌત્ર છે; વિરોચન અને સુરુચિના પુત્ર છે. ભરૂચમાં નર્મદા નદીને ઉત્તરકાંઠે એમનું રાજ્ય હતું. અશના, વિંધ્યાવલી અને સુદેષણા એમની પત્નીઓ હતી. ભગવાન વિષ્ણુએ એમની પાસે વામનરૂપ લેવું પડ્યું હતું. કાળીચૌદશના દિવસે આ પૃથ્વી પર બલિરાજાનું રાજય હોય છે. કેરળમાં આ રાજા દેવરુપે પૂજાય છે. દર વરસે એમની સ્મૃતિમાં ઓણમ નામનો તહેવાર ઉજવાય છે.

(૩) વ્યાસ - એ મહર્ષિ પરાશર અને સત્યવતીના સંતાન છે. કળિયુગમાં તામસીવૃત્તિ વધવા માંડી. આનો પ્રભાવ માત્ર વેદથી અટકી શકે. વેદના જ્ઞાનને સુરક્ષિત, વ્યવસ્થિત અને પ્રસારિત કરવાની જરૂર ઊભી થઈ. ભગવાન શ્રીકૃષ્ણ એ આ માટે પરાશરને ઘરે જન્મ લીધો. વેદને વિભાજિત કરીને, વ્યવસ્થિત કર્યો, એટલે વેદવ્યાસ કહેવાયા, વેદના અર્થને સામાન્ય માણસો સમજી શકે એટલે ૧૮ પુરાણો અને ૧૮ ઉપપુરાણોની રચના કરી. ઈશ્વરનું સ્વરુપ સમજાય, એટલે વેદાન્ત દર્શન આપ્યું. સંસ્કૃતિના પ્રસારણ માટે મહાભારતની રચના કરી. બદરિકાશ્રમની ગુફામાં એણે પુરાણોની રચના કરી. એ વ્યાસગુફા છે. નજીકમાં ગણેશ ગુફા છે. ગણેશે મહાભારતનું લેખન કર્યું હતું. આજે પણ આ તીર્થમાં તેઓ વિહાર કરે છે, તેવી લોકવાયકા છે. અષાઢી પૂનમ વ્યાસ પૂર્ણિમા છે.

(૪) હનુમાન : તેઓ સૂમેરુ પર્વતપ્રદેશના રાજા કેસરી અને અંજનાના પુત્ર છે. 'હનુમન ઉપાસના કલ્પદ્રુપ' ગ્રંથમાં નોંધ છે કે ચૈત્ર પૂનમે એમનો જન્મ થયો છે. બાળક કેસરીપુત્ર એ ઊગતા સૂર્યને ફળ માની લીધું, એ એને પકડવા ઊડ્યા. સૂર્યના બચાવમાં ઈન્દ્રે એની દાઢી વજ્રથી તોડી નાખી. એથી એ હનુમાન કહેવાયા. આથી પવનદેવે એને અમર થવાનું વરદાન આપી દીધું. ત્યારથી જે સ્થળે રામકથા ચાલુ હોય, ત્યાં એ આસન જમાવી લે છે. એમનાં હૃદયમાં રામ-લક્ષ્મણ-સીતા બીરાજેલા છે.

(૫) વિભીષણ - લંકેશ રાવણનો નાનો ભાઈ છે. વિશ્રવા અને કૈકસીનો પુત્ર છે. રાવણને અટકાવવા પ્રયત્ન કર્યો. પણ એણે અપમાનિત કરીને કાઢી મૂક્યો. એણે શ્રીરામનું શરણ લીધું. રાવણના વધ પછી. રામની આજ્ઞાથી એ લંકેશ થયો.

(૬) કૃપ - આ ઋષિપુત્ર શરદ્વાનના પુત્ર અને ગૌતમના પૌત્ર છે. કૌરવ-પાંડવને અસ્ત્રવિદ્યા એમને આપી હતી. યુદ્ધમાં કૌરવ પક્ષે લડેલા. પરંતુ અમર હોવાની ન મરાયા. યુદ્ધ પછી પાંડવો સાથે જ રહ્યા.

(૭) પરશુરામ - ઋષિ જમદગ્નિ અને રેણુકાના સંતાન છે. રેણુકા રાજા પ્રસેનજિતની રાજકન્યા હતી. વૈશાખ સુદ ત્રીજે રાત્રિના પ્રથમ પ્રહરમાં જન્મ થયો હતો. ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર છે. વૈશાખ સુદ ત્રીજ પરશુરામ જયંતી તરીકે ઉજવાય છે. એમને કારણે ભાર્ગવવંશ ઉજળો છે.

ઓગણીસમી નવેમ્બર વિશ્વ પુરુષ દિવસ છે; ત્યારે આ દિવસે - આ સાત પ્રતિભાશીલ પુરુષોને શ્રદ્ધાપૂર્વકની ભાવવંદના આ. સૌ. પ્રેરણાદીય વ્યક્તિત્વથી તો અમર છે જ.

વિશ્વ વ્યાપાર સંગઠનનું મુખ્યાલય કયાં આવેલું છે?

આંતરરાષ્ટ્રીય સંગઠનો

૧ આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની સ્થાપના કયારે થઈ હતી ?
(અ) ઈ.સ. ૧૯૧૯ (બ) ઈ.સ. ૧૯૪૫
(ક) ઈ.સ. ૧૯૪૮ (ડ) ઈ.સ. ૧૯૪૬

૨ ઈ.સ. ૧૯૪૬માં કઈ સંસ્થાની સ્થાપના થઈ હતી? જેનું મુખ્યાલય પેરિસમાં છે ?
(અ) આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષ (બ) યુનેસ્કો
(ક) યુનિસેફ (ડ) વિશ્વ બેન્ક

૩ વિશ્વ વ્યાપાર સંગઠનનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) પેરિસ (બ) ન્યૂયોર્ક
(ક) જીનેવા (ડ) વૉશિંગ્ટન

૪ આર્થિક સહયોગ અને વિકાસ સંગઠનની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ. ૧૯૪૮ (બ) ઈ.સ. ૧૯૬૬
(ક) ઈ.સ. ૧૯૪૯ (ડ) ઈ.સ. ૧૯૭૦

૫ ઈ.સ. ૧૯૬૦માં સ્થપાયેલ ઓપેક સંસ્થાનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) કાઠમંડુ (બ) જાકાર્તા
(ક) જીનેવા (ડ) વિયેના

૬ મિન્ક્સ (બેલારુસ) કઈ સંસ્થાનું મુખ્યાલય છે ?
(અ) ઈન્ટરપોલ (બ) રાષ્ટ્રકુળ
(ક) આફ્રિકન સંઘ (ડ) રેડક્રોસ

૭ આફ્રિકન સંઘનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) એડિસ અબાબા (બ) કાઈરો
(ક) માલાબો (ડ) નાઈરોબી

૮ યુરોપીય મુક્ત વ્યાપાર સંઘની સ્થાપના કયારે થઈ ?
(અ) ૧૯૪૮ (બ) ૧૯૬૦
(ક) ૧૯૬૫ (ડ) ૧૯૬૭

૯ ઈ.સ. ૧૯૮૯માં સ્થપાયેલ જી-૧૫ સંસ્થાનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) બ્રસેલ (બ) તહેરાન
(ક) જીનેવા (ડ) કોલંબો

૧૦ ઓપેક સંગઠન કેટલા દેશોનું બનેલું છે?
(અ) દસ (બ) અગિયાર
(ક) બાર (ડ) પંદર

૧૧ મુર્કોસર સંગઠનમાં સમાવિષ્ઠ ૫ દેશ બ્રાઝિલ, આર્જેન્ટિના, પરાગ્વે, ઉરુગ્વે અને નીચેનામાંથી કયા દેશનો સમાવેશ થાય છે ?
(અ) બેલ્જિયમ (બ) લકઝમ્બર્ગ
(ક) નેધરલેન્ડ (ડ) વેનેઝુએલા

૧૨ આંતરરાષ્ટ્રીય વિકાસ સંઘનું કાર્યાલય કયાં આવેલ છે ?
(અ) વોશિંગ્ટન (બ) હૅગ
(ક) વિયેના (ડ) ટોકિયો

૧૩ આંતરરાષ્ટ્રીય શરણાર્થી સંગઠનની સ્થાપના કયારે કરવામાં આવી હતી ?
(અ) ઈ.સ. ૧૯૪૮ (બ) ઈ.સ. ૧૯૫૦
(ક) ઈ.સ. ૧૯૫૨ (ડ) ઈ.સ. ૧૯૫૫

૧૪ ૨૪ ઓકટોબર ૧૯૪૫ના રોજ કઈ સંસ્થાની સ્થાપના થઈ હતી ?
(અ) આંતરરાષ્ટ્રીય વિકાસ સંઘ (બ) સંયુક્ત રાષ્ટ્રસંઘ
(ક) બિમસ્ટેક (ડ) રેડક્રોસ

૧૫ સંયુક્ત રાષ્ટ્રસંઘની શરુઆતમાં કેટલા સભ્યો હતા ?
(અ) ૧૧ (બ) ૨૧
(ક) ૪૧ (ડ) ૫૧

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૨૨ નવેમ્બર :**
  - અમેરિકન પૂર્વ પ્રમુખ જહોન કેનેડીનું નિધન (૧૯૬૩)
  - ભારતની ડાયેના હેડને મિસ વર્લ્ડ ખિતાબ જીત્યો (૧૯૯૭)
  - બાબાસાહેબ આપ્ટેને યુનોનો માનવાધિકાર એવોર્ડ મળ્યો (૧૯૮૮)
  - લોકસભાએ મદ્રાસ રાજયનું નામ તમિલનાડુ રાખવાનો ઠરાવ કર્યો (૧૯૬૮)
- **૨૩ નવેમ્બર : સાંસ્કૃતિક એકતા દિવસ**
  - વનસ્પતિમાં પણ જીવ છે તેવું સાબિત કરનાર સર જગદીશચંદ્ર બોઝનો જન્મદિવસ (૧૮૫૮)
  - સત્ય સાંઈબાબાનો જન્મદિવસ (૧૯૨૬)
  - જાણીતા કાર્ટૂનિસ્ટ બંસીલાલ વર્મા (ચકોર)નો જન્મદિવસ (૧૯૧૭)
  - અમેરિકન સિંગર એકટ્રેસ અને સોંગ રાઈટર માઈલી સાયરસનો જન્મદિવસ (૧૯૯૨)
- **૨૪ નવેમ્બર : એન સી સી દિવસ**
  - સર્વોદય કાર્યકર નારણભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૯૨૪)
  - ફિલ્મના જાણીતા લેખક સલીમખાનનો જન્મદિવસ (૧૯૩૫)
  - ભારતીય પાયદળે સિદ્દી ઓમારના જર્મન ટેન્કો પર હુમલો કર્યો (૧૯૪૧)
  - એપોલો - ૧૨ પૃથ્વી પર પાછું ફર્યું (૧૯૬૯)
- **૨૫ નવેમ્બર**
  - સાગર-સાહસ નવલકથાઓના લેખક ગુણવંતરાય આચાર્યનું નિધન (૧૯૬૫)
  - પોલાદ ઉદ્યોગના જનક એન્ડ્યુઝ કાર્નેજનું જન્મ (૧૮૩૫)
  - દુલાભાયા 'કાગ'નો જન્મદિવસ (૧૯૦૨)
  - બરકત વિરાણી 'બેફામ' નો જન્મદિવસ (૧૯૨૩)
- **૨૬ નવેમ્બર : રાષ્ટ્રીય કાયદા દિન / બંધારણ દિન / નેશનલ મિલ્ક ડે**
  - શીખ ધર્મના ધર્મગુરુ ગુરુનાનક દેવનો જન્મદિવસ (૧૯૪૬)
  - આઝાદ ભારતની પ્રથમ પાર્લામેન્ટ પ્રથમ સ્પીકર ગણેશ વાસુદેવ માવલંકરનો જન્મદિવસ (૧૮૮૮)
  - મુંબઈમાં આતંકવાદી હુમલામાં ૨૦૦ લોકો માર્યા ગયા (૨૦૦૮)
  - ભારતીય બંધારણનો વિધિવત સ્વીકાર થયો (૧૯૪૯)
- **૨૭ નવેમ્બર :**
  - મહારાષ્ટ્રના આદ્ય સમાજ સુધારક જયોતિરાવ ફુલેનો જન્મ (૧૮૯૦)
  - હરિવંશરાય બચ્ચનનો જન્મદિવસ (૧૯૦૭)
  - ઉત્તમ સંગીતકાર રમેશ પારેખનો જન્મદિવસ (૧૯૪૦)
  - કવિ દામોદર ખુ. બોટાદકરનો જન્મદિવસ (૧૮૭૦)
- **૨૮ નવેમ્બર :**
  - આધ્યાત્મ સંત કાનજી સ્વામીનું નિધન (૧૯૮૦)
  - કવિ કરસનદાસ માણેક વૈશંપાયનની જન્મજયંતિ (૧૯૦૧)
  - પ્રબોધ જોશીનો જન્મદિવસ (૧૯૨૬)
  - ભારતના પૂર્વ વડાપ્રધાન આઈ કે ગુજરાલે રાજીનામાં આપ્યું (૧૯૯૮)

ગત સપ્તાહના સવાલનો જવાબ

ડો. સી.વી. રામનને કઈ સાલમાં ફીઝીક્સનું નોબેલ પારિતોષિક મળ્યું હતું?

જવાબ : ઇ.સ. ૧૯૩૦

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) નટુભાઈ દરજી : પેથાપુર (૨) મહેશ એમ. જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૩) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૪) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૫) જીતેન્દ્ર. એસ. ધરવાડિયા : સે-૩૦ (૬) પંકજ એ. પટેલ : રાજધાની, ન્યૂ ગાંધીનગર (૭) વસંત આર.પટેલ : સે-૨ (૮) મૂળજીભાઈ પરમાર : સે-૭

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

મહારાષ્ટ્રમાં હાલ ગર્વનર તરીકે કોણ સેવાઓ આપી રહ્યા છે?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

વાંચો - વંચાવો - વિચારો

જીવન દર્શન
પી.એમ. પરમાર

- મોટી હસ્તી મળે એના કરતાં હસતી વ્યક્તિ મળે એ આપણું સદ્‌ભાગ્ય છે.
- ગરીબમાં હિંમત નથી, મધ્યમને ફુરસદ નથી, અમીરને જરૂર નથી પછી બદલાવ કયાંથી આવે.
- અહીં જૂઠનો સ્વીકાર થાય છે અને સાચાનો શિકાર થાય છે.
- ભૂલી જવા જેવું ભૂલી જતાં શીખો, યાદ રાખવા જેવું આપોઆપ યાદ રહેશે.
- સમજણ વગર અહીં ઘણાનો પ્રણય પ્રલયમાં ફેરવાય છે.
- ઘોંઘાટ સહન કરવાની શક્તિ એ સભ્યતાની નિશાની છે.
- હું મૌનમાં માનું છું અને કલાકો સુધી એ વિશે બોલી શકું છું.
- ટૂંકા વાક્યો લખવા બહુ લાંબુ વિચારવું પડે છે.
- ભૂલને ભૂલ ન માનવીની ભૂલ ન કરતા.
- બેધ્યાન રહેવું રહેવાતું હોય તો તેનું પણ ધ્યાન રાખો.
- જો તમે બધું જ બનવા માગશો તો પછી કશું જ નહિ બની શકો.
- ઈશ્વરની નજીક રહેવું હોય તો માણસની નજીક રહેતાં શીખી જાવ.
- 'નથી' - એની ચિંતા છોડો, તો - 'છે' એનો આનંદ માણી શકશો.
- ઘટના નહિ પણ અર્થઘટન મહત્ત્વનું છે.
- જેટલો અહમ્ ઓછો, એટલી અહમિયત વધારે.
- હીરાપારખું કરતાં પીડાપારખુંનું સ્થાન ઊંચું છે.
- પેટ અને અભિમાન વધે ત્યારે ભેટી શકાતું નથી.
- સ્વભાવ સ્થિર ના હોય ત્યારે અભાવ સર્જાય છે.
- ખોટી વ્યક્તિ સાથે પ્રેમ ન કરો, સાચી વ્યક્તિ ઉપર વહેમ ના રાખો.
- જીવતાં કદી એક કોલ્ડ્રિંક્સ ન પીવડાવ્યું હોય તો મૃત્યુ વેળા ગંગાજળ શું કામનું?
- જે જતું કરે છે તે તેનું કસું જતું નથી.
- જો કોઈની ચિંતા કરતો નથી, તેની ચિંતા પણ કોઈ કરતું નથી.
- ફેસબુકને બદલે બુકને ફેસ કરશો તો સુખ ફેસ થશે.
- પુસ્તકાલય અને દેવાલય વચ્ચે માત્ર સ્થળનો જ તફાવત છે.
- દરેક સંબંધનો અંત સુખદ નથી હોતો અને સુખદ સંબંધનો કદી અંત નથી હોતો.
- આંખો બંધ થાય એ પહેલા આંખો જો ઉઘડી જાય ને તો જીવન સુધરી જાય.
- જે દિલથી નીકળે છે ને તે જ દિલ સુધી પહોંચે છે.
- હાજરી એવી આપો કે સૌને તમારી ગેરહાજરીની નોંધ લેવી જ પડે.
- જીવનના વિકલ્પોમાં એક સંકલ્પ પણ હોવો જોઈએ.
- ઘણાંને આપણે ગમી જઈએ એ પણ ઘણાને નથી ગમતું.
- ગમતું કામ કરો અથવા કામને ગમતું કરો.
- હકનું લેશો તો રામાયણ; હક વગરનું લેશો તો મહાભારત.
- ટૂંકી સમજણ હોય ત્યારે જીભ બહુ લાંબી થઈ જાય છે.
- શ્વાસ આશાનો લેજો પણ ઉચ્છ્વાસમાં નિરાળા કાઢી નાખજો.
- મનમાં અને ટાયરમાં હવા માફકસરની રાખજો.
- પારખો તો કોઈ પોતાનું નથી, સમજો તો કોઈ પારકું નથી.
- સૌથી મોટો રોગ : શું કહેશે લોક ?
- કામચલાઉ જિંદગીમાંથીય માણસને બધું કાયમી જોઈએ છે.
- અહીં બધે પગ કાપી નાખ્યા પછી પગભર થવાની વાતો થાય છે.
- તાર મળી જાય પછી એકતાર થતાં વાર નથી લાગતી.